Summary

## બૃહત્‌નિબંધનો સંક્ષેપ

પારસી રંગભૂમિના ઉદ્‌ભવ અને વિકાસ વિશે શકય તેટલું સર્વતોમુખી અધ્યયન કરવાનો આ એક નમ્ર અને પ્રથમ પ્રયાસ છે. પ્રથમ પારસી નાટક મંડળીની સ્થાપનાથી માંડી શ્રી અદી મર્ઝબાન અને તેમના અનુગામીઓ સુધીની રંગભૂમિ, નાટક મંડળીઓ, નાટક અને નાટકકાર તેમજ રંગકાર્યના સમગ્ર પરિબળો જેવા કે, અભિનેતા, દિગ્દર્શક, માલિકો, સ્ત્રી કલાકારો, થિયેટર, પેન્ટર આદિ તત્વોને વિશેષ રીતે અભ્યાસવાનો આ પ્રથમ પ્રયત્ન ગણાશે.

આ નિબંધનો વિષયભાગ છે પારસી રંગભૂમિના કાર્યને સમગ્રતયા તપાસી તેના ગુજરાતી નાટક અને રંગભૂમિના પ્રદાનને આલેખવાનો, પારસી નાટક મંડળીના નાટક અને તેના પ્રયોગો નોંધી પારસી રંગભૂમિની સવા સદીના સ્તબકની અભિનેયતાની વિચારણા કરેલ છે. તત્કાલીન નાટક અને રંગભૂમિની સ્થિતિ જોતાં તેના થકી ભજવાયેલ નાટકો દ્વારા સાહિત્યિક અપેક્ષા ન સંતોષાય એ સ્વાભાવિક છે; કિન્તુ અભિનેયતાની દૃષ્ટિએ તે નાટકો સફળ સાબિતથતાં હોવાને કારણે તેનું મૂલ્ય અલ્પ ન ગણી શકાય. વળી માત્ર સાહિત્યિકતાના ધોરણે નાટકનું વિલોકન કે મૂલ્યાંકન કરવું તે પણ કેટલા અંશે યોગ્ય ઠરે તે વિચારવું રહ્યું. એકજ વિધાનમાં કહેવું હોય તો પારસી રંગભૂમિએ ગુજરાતી નાટક અને રંગભૂમિને નાટ્ય લેખનથી માંડી તેની ભજવણી સુધીની અનેક શકયતાઓ ચીંધી બતાવી, તેના ઉદય અને વિકાસમાં અમૂલ્ય ફાળો પ્રદાન કર્યો. આ બૃહતનિબંધને અગિયાર પ્રકરણમાં વિભાજિત કરેલ છે.

પ્રથમ પ્રકરણમાં ગુજરાતી ભાષાની ઉત્પત્તિ, વિકાસ અને ભાષાની અનેક બોલી પૈકી ''પારસી બોલી'' વિષે તેની ચર્ચા કરેલ છે. આ પ્રકરણમાં ગુજરાતી ભાષાનો ઉદ્‌ગમ અને વિકાસ સંબંધીત વિચારણાનો પણ તબક્કા સહિત ઉલ્લેખ કર્યો છે. અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્વરુપોમા નાટકના વિકાસમાં પારસીઓની જહેમત અને રંગભૂમિની ક્રિયા પ્રક્રિયાનો અભ્યાસ પ્રસ્તુત કરેલ છે. પારસી નાટકોએ અર્વાચીન ગુજરાતી ભાષાના વિકાસક્રમમાં ભજવેલી ભૂમિકાને સમજવા નિમિત્તે ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ અને વિકાસની ચર્ચાને પણ અહીં પ્રસ્તુત ગણી છે.

બીજા પ્રકરણમાં પારસી કોમનું હિંદમાં આગમન અને નિવાસનો પરિચય આપવામાં આવેલ છે. સંજાણના રાજાની શરતો - પછીનો વસવાટ અને અનેકવિધ ક્ષેત્રોમાં સાધેલ વિકાસ તપાસતા તેમના જીવન, વેપાર-ઉદ્યોગ, પહેરવેશ, ધર્મ, ભાષા આદિમાં થયેલ પરિવર્તનના કારણો અને પરિણામને ચકાસેલ છે. પારસી કોમની ખાસયિતોની ચર્ચામા અન્ય પાસાઓનું અવલોકન કર્યું છે. પારસીઓ નાની સંખ્યામા હોવા છતાં સામાજિક, ધાર્મિક, સાહિત્યિક અને વ્યાપારિક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી તેમના નિષ્ઠાપૂર્ણ યત્ન દ્વારા ગુજરાતના વિવિધ

ક્ષેત્રના વિકાસમાં જે રીતે સીમાચિહ્ન રુપ બની રહયાં તેની નોંધ લીધી છે.

પ્રકરણ ત્રીજામા પારસી ગુજરાતી નાટક અને રંગભૂમિના સમગ્ર સ્તબકને તપાસીને નાટકના સ્વરુપની ચર્ચા પાશ્ચાત્ય તેમજ ભારતીય વિધ્વાનોના સંદર્ભ સહિત આલેખી છે. નાટકના આ સ્વરુપની ચર્ચા વખતે પાશ્ચાત્ય તેમજ ભારતીય વિધ્વાનોના સંદર્ભો નાટકના સ્વરુપ તરીકેની શકય તેટલી વિશિષ્ટતાઓ ચીંધી બતાવવાના પ્રયત્ન રુપે કરેલ છે. નાટક અને જીવન, નાટકનું વસ્તુ, પાત્રાલેખન, સંઘર્ષ, રસ, ભાષા, શૈલી, સંવાદ, સ્વગતોકિત આદિ તત્વોની ચર્ચા કરેલ છે. આ ઉપરાંત નાટકની ઉત્પત્તિ અંગેના ભારતીય આચાર્ય તથા પાશ્ચાત્ય વિધ્વાનોના સિધ્ધાન્તોના સંદર્ભ આપી તેનું રહસ્ય દર્શન કરવાનો પ્રયત્ન કરેલ છે. નાટકની દૃશ્ય કાવ્ય તરીકેની અર્થની સ્પષ્ટતા કરી મહાકાવ્ય સાથેના તેના નિકટવર્તી સંબંધોનો ઉલ્લેખ કરી તેની સાહિત્યકતા અને અભિનેયતાની નોંધ લઇ શ્રી ચંદ્રવદન મહેતા, ડૉ.ધીરુભાઇ ઠાકર, પ્રો.અનંતરાય રાવળ, શ્રી નંદકુમાર પાઠક, સ્વ.ધનસુખલાલ મહેતા આદિની નાટય વિચારણા દર્શાવી છે. પારસી રંગભૂમિની નાટય નિર્માણથી માંડી નાટયના પ્રસ્તુતીકરણ સુધીની સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થતાં પહેલા નાટકની ઉત્પત્તિ-વિકાસ, નાટયસ્વરુપ અને તેના લક્ષણોની ચર્ચા પ્રસ્તુત કરેલ છે. આ બધાને અંતે નાટક માત્ર સાહિત્યિક હોય તેટલું પુરતું નથી પણ અભિનેય તરીકે સફળ સાબિત થાય તોજ તે પૂર્ણ સિધ્ધ કહેવાય તેવી નોંધનો ઉલ્લેખ કર્યો છે.

પ્રકરણ ચોથામાં લોકનાટ્ય અને રંગભૂમિના ઉદય પરત્વેની નોંધ કરી પ્રથમ પારસી નાટક મંડળીનો ઉલ્લેખ કરી તેના પ્રયોગો અને શકયતાઓનો નિર્દેશ કરેલ છે. કોઇપણ નાટય પરંપરાના વિકાસ અર્થે સુદીર્ઘ સમયગાળાની અપેક્ષા રહે તે સ્વાભાવિક ગણાય. ભારતીય નાટય-પરંપરા બે હજાર વર્ષ પૂર્વ પાંગરી હોવા છતા તેના ચોક્કસ ઉદ્ગમ અને વિકાસની કડીઓને અંગે સ્પષ્ટતા કરવાનું લગભગ દુષ્કર બની રહયું છે. પરંતુ જેમ આપણને નવલિકા અને નવલકથાના સર્જનની પ્રેરણા અંગ્રેજી સાહિત્યમાંથી મળી છે તેમ નાટક સર્જવાની નવી પ્રેરણા અંગ્રેજી સાહિત્યમાંથી મળેલ છે. પારસી રંગભૂમિની શરુઆત થઇ તે પહેલા ગુજરાતીના લોકનાટય ભવાઇમાં તત્કાલીન જનસમાજની નાટયવૃત્તિનો આવિષ્કાર જોઇ શકાય છે. કિન્તુ તે પ્રવૃત્તિને નાટય પ્રવૃત્તિ તરીકે ઓળખાવવી મુશ્કેલ ગણાય. સાહિત્યિક નાટય વિધાન અને રંગ વિધાનથી અપરિચિત હોવા છતાં સમાજના મનોરંજનાર્થે સામાજિક, ધાર્મિક અને નૈતિક બોધ પ્રદાન કરી તેમજ આજીવિકા તેમજ વંશ પરંપરાગત વ્યવસાયને ટકાવી રાખવાનો હેતુ

પણ હતો. ભવાઇમાં નાટય તત્વ પ્રધાન રુપે હોવા છતાં તેની કિલષ્ટતા અને વિકૃત ભાવભંગીને કારણે તે ધીમે ધીમે લુપ્ત થતી ગઇ તેની નોંધ લીધી છે. અલબત ચંદ્રવદન મહેતાની સફળ પ્રયોગ કૃતિ તરીકે 'હો-હોલિકા' ની નોંધ અનિવાર્ય બની રહી છે. ત્યારબાદ ઓગણીસમી સદીના પાંચમા દાયકાથી શરુ થયેલ સંક્રાન્તિના વહેણો અને અંગ્રેજી ભાષા સાહિત્યના અભ્યાસ પ્રત્યેની વધવા માંડેલી અભિરુચિ તેમજ ઇગ્લેન્ડથી અંગ્રેજી સમાજના મનોરંજનર્થે આવેલ અંગ્રેજી નાટય મંડળીઓ અને તેમના નાટય પ્રયોગો ધ્વારા મળતું માર્ગદર્શન રંગભૂમિ માટે કેવી રીતે પ્રેરણારુપ બન્યું તે શકયતાઓ દર્શાવેલ છે. અંગ્રેજી નાટય સંસ્કારો ઝીલી પારસી નાટક મંડળીની સ્થાપના કરી નાટક તેમજ રંગભૂમિને વ્યવસ્થિત કરવાનાં જે પ્રારંભિક પ્રયોગો કર્યા તેનો ઉલ્લેખ કરેલ છે. આ નાટક મંડળીની રચના બાદ અન્ય નાટક મંડળીઓની નોંધ કરી છે. જેની પાછલા પ્રકરણમાં વિસ્તૃત રુપે ચર્ચા કરી છે.

પ્રકરણ પાંચમાં સમગ્ર પારસી રંગભૂમિની સૌથી દીર્ઘ અને યશસ્વી કારકિર્દી ધરાવનાર બે મહાન નાટક મંડળીઓ - વિકટોરિયા અને આલ્ફ્રેડ - વિષે વિગતવાર ચર્ચા કરેલ છે. આ બન્ને નાટક મંડળીઓની સ્થાપનાથી માંડી તેના વિસર્જન સુધીની તેમની તમામ નાટય-પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરેલ છે. 'વિકટોરિયા નાટક મંડળી' ની સ્થાપના અને શ્રી કેખશરુ કાબરાજીનું રંગભૂમિ પર આગમન નોંધી કાબરાજીની નાટક અને રંગભૂમિની સમગ્ર પ્રવૃત્તિ તપાસતાં તેમની વિવિધ લાક્ષણિકતાઓની ચર્ચા કરેલ છે. પારસી રંગભૂમિનું સંમાર્જન કરવામાં તેમજ તેને વિશેષરુપે લોકભોગ્ય બનાવવાના શ્રી કાબરાજીના પ્રયત્નોની નોંધ કરેલ છે. કેખશરુ કાબરાજી પછી 'વિકટોરીયા નાટક મંડળી' ના બીજા સેક્રેટરી શ્રી દાદાભાઇ પટેલ અને તેમના અનેક સાહસિક પ્રયોગોની નોંધ કરેલ છે. દાદાભાઇના આ નૂતન પ્રયોગોથી રંગભૂમિ પર સ્ત્રી કલાકારોનું આગમન, ઉર્દુ નાટક, ઉર્દુ ઓપેરા આદિ અનેક નૂતન અભિગમની શરુઆત થઇ જેની વ્યાપક અસર દાદાભાઇ પટેલના આ પ્રયોગોની વિશિષ્ટતાઓ તેમજ મર્યાદાઓ તેમજ તત્પશ્ચાત્ તેની પ્રબળ અસરોની સ્પષ્ટ કરેલ છે. દાદાભાઇ પટેલ પછી વિકટોરિયાના નવા પાંચ માલિકોની કાર્યવાહી દર્શાવી અંતે શ્રી ખુરશેદજી બાલીવાલાના નેતૃત્વ હેઠળ 'વિકટોરિયા નાટક મંડળી' ની પ્રવૃત્તિઓ દર્શાવેલ છે. આ નિમિત્તે વિકટોરિયાના ભારતમાં તેમજ વિદેશમાં પ્રવાસો, ઉર્દુ નાટકોની ભજવણી તેની સ્ત્રી અભિનેત્રી આદિ ચર્ચા પણ પ્રસ્તુત કરેલ છે. બાલીવાલાના અવસાન બાદ વિકટોરિયા નાટક મંડળીની પ્રવૃત્તિઓ તપાસી તે કેવી રીતે બંધ પડી તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે.

'વિકટોરિયા નાટક મંડળી' જેવીજ દીર્ઘ અને યશસ્વી કારકીર્દિ ધરાવતી

'આલ્ફ્રેડ નાટક મંડળી' ની નોંધ કરી તેના જન્મ-પુનર્જન્મ, બદલાતા માલિકો, દિગ્દર્શક, અને કલાકારવૃંદની નોંધ કરેલ છે. આ નાટક મંડળીની નોંધ કરતાં ફરામરોઝ જોષી, કાવસજી ખટાઉ, સોરાબજી ઓગરા, માણેકજી માસ્તર, અમૃત કેશવ નાયક આદિ કલાકાર-દિગ્દર્શકની નાટય પ્રવૃત્તિઓ વિગતવાર તપાસવાનો પ્રયત્ન કર્યો છે.

ઈ.સ.૧૮૮૨-૧૮૮૩ ની આસપાસ 'આલ્ફ્રેડ નાટક મંડળી ' બે વિભાગમાં વહેંચાઈ ગઈ તે 'આલ્ફ્રેડ' અને'ન્યુ આલ્ફ્રેડ' ના નામે ઓળખાઈ તેની ચર્ચા કરીસસમગ્ર ગુજરાતી-હિન્દી નાટય પ્રવૃત્તિને અને રંગભૂમિની રીતિને નોંધી તેના અન્ય સહાયક પરિબળોની ચર્ચા કરેલ છે.

પ્રકરણ છઠ્ઠામાં એલફિન્સ્ટન ડ્રામેટિક કલબ, ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળી, ધી એમ્પ્રેસ વિકટોરિયા થીયેટ્રીકલ કલબ, એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી, ધી પારસી રીપન થીયેટ્રિકલ કલબ, જેન્ટલમેન એમેચ્યુઅર્સ, ધી શાહેઆલમ નાટક મંડળી, ધી નૌશીરવાન આદિલ નાટક મંડળી, ધી બોમ્બે વોલેન્ટીયર્સ થીયેટ્રીકલ કંપની લિમીટેડ, ધી લેડીઝ એન્ડ જેન્ટલમેન થીયેટ્રીકલ કંપની, હિન્દી નાટક મંડળી, ધી ખોજા ડ્રામેટિક કલબ, ઈટાલીયન ઓપેરા કંપની, ઓરીએન્ટલ ડ્રામેટીક કલબ, પરશ્યન કલબ, ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી, પરશ્યન ઝોરાસ્ટ્રીયન ડ્રામેટિક સોસાયટી, કોરંથિયન નાટક મંડળી, કોરોનેશન નાટક મંડળી, ધી પારસી નાટક મંડળી, અથવા મુંબઈ નાટક મંડળી, અને નાટક ઉત્તેજક મંડળીની યથોચિત તવારિખનો નિર્દેશ કરી ચર્ચા કરેલ છે. પ્રત્યેક નાટક મંડળીની તવારિખ તપાસતા તેના ઉપક્રમે ભજવાયેલ નાટકો, નાટયકાર, દિગ્દર્શક, ગીત-સંગીત, પ્રવાસાદિની ચર્ચા પ્રસ્તુત કરેલ છે. બહુધા પારસી નાટક મંડળીઓની તવારિખ તપાસતા એટલું સ્પષ્ટ બની રહ્યું છે કે, કલાકારો, દિગ્દર્શકો એક નાટક મંડળીમાંથી બીજી નાટક મંડળીમાં ફરતા રહયા પરિણામે જે તે નાટક મંડળીની વૈયકિતક ઈતિહાસ વખતે તેમનો ઉલ્લેખ પુનરુકિત પામે તે તેની અનિવાર્યતા જોતાં સ્વાભાવિક ગણી શકાય પરિણામે પ્રત્યેક નાટક મંડળીની તવારિખ તપાસતા તેનાહ વિકાસના અંતર્ગત તેમજ બહિર્ગત પરિબળોની ચર્ચા કરેલ છે.

પ્રકરણ સાતમાં પારસી રંગભૂમિની સુવ્યવસ્થિત છબી ઉપસાવનાર પરિબળોની ચર્ચા કરેલ છે. પારસી થિયેટરના માલિકો, સ્ટેજ મેનેજર, રિહર્સલ, પેન્ટર, સ્ત્રી કલાકારો, થિયેટર આદિ બાહય પરિબળો તેમજ નાટકનુ રચના વિધાન, ભાષા-સંવાદ, ગીત-સંગીત, નૃત્ય, અભિનય, અંક-દૃશ્ય, પ્રવેશ-પ્રસ્થાન, રંગકાર્ય અને વ્યવહાર, વાતાવરણ આદિ અંતર્ગત પરિબળોની ચર્ચા અનુક્રમે 'અ' અને 'બ' વિભાગમાં કરેલ છે. પારસી નાટક મંડળીના

ઇતિહાસમાં સંચાલક વર્ગને કેન્દ્રસ્થાને એટલા માટે મૂકવો રહયો કે તે નાણા પ્રબંધક હોવાને કારણે તે કવિ, સંગીતકાર, દિગ્દર્શક, અભિનેતા આદિની સિધ્ધિઓ પોતાને વરેલી છે, તેવા પ્રકારની ભાવનામા રાચ્યો રહયો તેમજ વ્યાવસાયિક વૃત્તિનો હોવા છતાં તેની નાટય મંડળીઓનું સંચાલન કરવાની પ્રવૃત્તિ નાટક અને રંગભૂમિને પોષક બની રહી. આ ઉપરાંત કેટલીક નાટયમંડળીમા માલિક, દિગ્દર્શક અને અભિનેતા આદિની તમામ ગુણવત્તા એકજ વ્યકિતમા સમન્વિત થયેલ જોવા મળે છે. આ ઉપરાંત સ્ટેજ મેનેજર, દિગ્દર્શક, પેન્ટર આદિની કાર્યવાહી તપાસી છે. રિહર્સલ, વાચીક તેમજ આંગિક, અભિનયની તાલીમ, શબ્દ શુધ્ધિ, સ્વગતોકિત, ગીત–સંગીત અને નૃત્યની વિશિષ્ટતા, અંક–દૃશ્ય, પ્રવેશ–પ્રસ્થાનની ક્રિયા–પ્રક્રિયાની વિશિષ્ટતા દર્શાવતી નોંધ લીધી છે. પારસી રંગભૂમિ સમગ્ર ભારત વર્ષ પર વ્યાપેલ હોવાને કારણે ભાષાકીય તેમજ પ્રાદેશિક પરિબળોની અસરથી તે મુકત રહી શકી ન હતી પરિણામે આ સમગ્ર પરિબળોનો–વિનિયોગ પારસી થિયેટરના ઉપક્રમે જે રીતે રજૂઆત પામ્યો તેની નોંધ લીધી છે.

પ્રકરણ આઠમાં પારસી નાટક અને નાટકકારનો ઉલ્લેખ કરી તેમના પ્રદાનનો નિર્દેશ કરેલ છે. ગુજરાતી નાટય–સાહિત્યના ઇતિહાસમાં આ સફળ અભિનેય નાટકોની રચના કરનાર નાટયકારો આજ સુધી ઉપેક્ષિત રહયા છે જેમની નાટય પ્રવૃત્તિ અહીંયા તેમની કૃતિનો ઉલ્લેખ કરીને તપાસેલ છે. કેખશરુ કાબરાજી, જમનજી કાબરાજી, ગુલફામ, પિજામ, રતનજી શેઠના, નાનાભાઇ રાણીના, જ્યાવક્ષા શ્રોફ 'ફિરોઝઘર,' ધનજીશા મહેતા 'ગબ્રુ' મહેરજીભાઇ રતૂરા, ખુરશેદજી બાલીવાલા, ડૉ.મીનુ લંગડાના, દારા કાપડીયા આદિ નાટયકારોની વૈયકિતક નોંધ કરેલ છે. પારસી કોમની સ્ત્રી લેખિકાઓ ધ્વારા થયેલ નાટય સર્જનનો પ્રણ ઉલ્લેખ ગણ્યો છે. શ્રી અદી મર્ઝબાનથી શરુ થતી આજની પારસી રંગભૂમિના નાટયકારોનો ઉલ્લેખ'અર્વાચીન પારસી રંગભૂમિ'–નવમા પ્રકરણમાં વિગતવાર કરેલ હોવાથી અત્રે તે ઉચિત ગણ્યો નથી. આ ઉપરાંત પારસી નાટયકારો ધ્વારા રચાયેલ પૌરાણીક, ઐતિહાસિક, સામાજિક નાટકની ચર્ચા કરતો રાજકીય અંધાધૂંધી ભરેલ તે કાળમાં લોકોને ધર્માભિમુખ બનાવવાનો, રાષ્ટ્રીય ભાવના જગવવાના, સમાજની મર્યાદાઓ તેમજ સમસ્યાઓનો રજૂઆત કરવાના તેમના પ્રયાસોની ચર્ચા કરેલ છે. ગુજરાતી નાટક અને રંગભૂમિને આ પારસી નાટયકારોએ અર્પેલ પ્રદાનની ચર્ચા વિગતવાર રજૂ કરી તે પરત્વે પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરેલ છે.

પ્રકરણ નવમાં શ્રી અદી મર્ઝબાનથી શરૂ થતી આજની અદ્યતન યા નવી પારસી રંગભૂમિ પર થયેલ નાટય પ્રયોગો નૂતન ટેક્નિક, તે ટેકનિકના કારણે આવેલ પરિવર્તન, ત્રિઅંકી

તેમજ અંકાકી નાટય પ્રયોગ અને પ્રસ્તુતીકરણની નવીન રીતિઓ, સ્કેચીઝના પ્રયોગોની શરુઆત અને તે ધ્વારા પારસી ગુજરાતી રંગભૂમિની નવીન છબી ઉપસાવવાની તેમની પ્રયોગશીલતા તપાસી છે. શ્રી અદી મર્ઝબાન, સ્વ.ફિરોઝ આંટિયા, ડૉ.રતન રુસ્તમ,માર્શલ, શ્રી હોમી તવડિયા, શ્રી મીનુ નરીમાન, શ્રી જહાંગીર રાણીના આદિ નાટયકારોના નાટકની નોંધ લઇ તેમના રંગભૂમિના કાર્યને વિલોકવાનો પ્રયત્ન કરેલ છે. શ્રી અદી મર્ઝબાનથી પ્રારંભાતી આજની પારસી રંગભૂમિના ઘડતરમા શ્રી અદી મર્ઝબાનના અનેકવિધ પ્રદાનની નોંધ લઇ પૂર્વકાલિન પારસી રંગભૂમિથી આજની પારસી રંગભૂમિની વિભન્નતા તેમજ વિશિષ્ટતા વિશે ધ્યાન ખેંચ્યું છે. આ ચર્ચા નિમિત્તે નાટક નિર્માણમાં નાટક ભજવણીમાં વાસ્તવવાદી અભિગ્રહ, પ્લેસ્ટિક સ્ટેજ પ્રયોગ, ઓપેરેટા આદિના વિનિયોગમાં રહેલ શકયતા તપાસી છે. નાટકની ભજવણી ઉપરાંત અનેક સંસ્થાઓના લાભાર્થે પારસી કલાકારવૃંદે બતાવેલ ઉદારતાનો યત્કિંચિત્ ઉલ્લેખ કરેલ છે. અંતમાં પ્રકરણના અંતે આજની પારસી રંગભૂમિના પ્રદાનને મુદ્દાસર તારવી શ્રી અદી મર્ઝબાનથી બરજોર પટેલાદિ સુધીના નાટય પ્રયોગોની નોંધ કરેલ છે.

દશમા પ્રકરણમાં પારસી થિયેટરની હિન્દી રંગભૂમિ પડેલી અસરની નોંધ કરી, પારસી હિન્દી રંગભૂમિના નાટયકારોનો ઉલ્લેખ કર્યો છે. બાબુ ભારતેન્દુ હરિશ્ચંદ્રને પારસી થિયેટર સામે આક્રોશ હતો, છતાંય તેમના નાટકોમાં પડેલી પારસી રંગમંચીય શૈલી અને નાટય તત્વની અસર નોંધી છે. ત્યારબાદ જયશંકરપ્રસાદના નાટક પર પડેલ પારસી સંસ્કારોની નોંધ કરી છે. પારસી હિન્દી રંગભૂમિના ત્રણ મહાન નાટયકાર આગા 'હશ્ર' કાશ્મીરી, નારાયણપ્રસાદ 'બેતાબ' અને રાધેશ્યામ કથાવાચકના નાટકોની સમીક્ષા કરી આ નાટયકારોની વિશિષ્ટતા દર્શાવેલ છે. આ ઉપરાંત આ વ્યાવસાયિક રંગભૂમિના કેટલાક અન્ય નાટકકારો મુનશી વિનાયકપ્રસાદ 'તાલિબ', સૈયદ મેહદી, 'અહસન' લખનવી, વિષેની ચર્ચા કરી તેમની નાટયકૃતિઓનો ઉલ્લેખ કરેલ છે. પારસી હિન્દી રંગભૂમિના નાટક તેમજ નાટયકાર વિષે જેટલી વિવેચના થવી જોઇતી હતી તે થઇ નથી તેની સખેદ નોંધ કરી આધુનિક હિન્દી નાટક અને રંગભૂમિના ઉદય-વિકાસમાં તેના યશસ્વી પ્રદાનનો ઉલ્લેખ કરેલ છે.

અગિયારમા પ્રકરણમાં ઉપસંહારમા બૃહત્નિબંધની બધી ચર્ચાઓનો નિષ્કર્ષ તારવી બતાવ્યો છે. પારસી થિયેટરની સંજ્ઞા વિષેની ચોકસાઇ ભરેલી ચર્ચા ગુજરાતી રંગભૂમિના સંદર્ભમા આજ સુધી થઇ નથી તેની ચર્ચા કરી 'પારસી થિયેટર' સંજ્ઞાને સ્પષ્ટ કરવાનો

યત્ન કરેલ છે. પારસી થિયેટરના અંતર્ગત તેમજ બહિર્ગત પરિબળોની ચર્ચા કરતા આ પ્રકરણમાં નાટક અને રંગભૂમિ, સાહિત્યિક નાટક અને અભિનેય નાટક, નાટયકારને રંગભૂમિના નિયમો બાધ્ય હોઇ શકે ? આદિ પ્રશ્નોની યથોચિત ચર્ચા કરેલ છે. પારસી નાટક મંડળી ધ્વારા અભિનિત નાટકોના પ્રકાશનમાં અવરોધક બળોની નોંધ કરી નાટયકારના સ્થાનની ચર્ચા કરેલ છે. અલબત્ત પારસી નાટક મંડળીઓ તેમજ નાટકો પણ મર્યાદાથી મુકત ન હતાં. પરિણામે આ પ્રકરણમાં તેની મર્યાદાઓની વિગતવાર તપાસ કરેલ છે. આ મર્યાદાને તત્કાલિન રંગભૂમિ અને નાટકના ચિત્રની સ્થિતિ અવલોકતા સ્વાભાવિક એટલા માટે ગણાય કે, પારસીઓની રગભૂમિની મર્યાદાઓ તેની સિધ્ધીઓ કરતાં ખૂબજ અલ્પ પ્રમાણમાં સાબિત થાય છે. આ બધાને અંતે પારસી થિયેટરની ગુજરાતી રંગભૂમિના પ્રદાનની સવિસ્તાર નોંધ કરી તેનું મૂલ્ય તારવી બતાવી મહાનિબંધ પૂર્ણ કરેલ છે.